**Shri M. R. Desai Arts and Shri E. E. L. K. Commerce College, Chikhli**

**B. A. Sem - 4**

**Sanskrit – Paper 9**

# Unit 3 – Niyat Alankara

**Prof. Dr. Nayana Kalpeshbhai Naik**

# અલંકારશાસ્ત્ર

## વિવેચન, આલોચન, Literary Criticism

**શાસ્ત્ર:** કોઈપણ એક વિષયનું આમૂલક સર્વાંગીણ, સર્વસ્પર્શી સૈદ્ધાંતિક દર્શન અને નિરૂપણ.

**अलंकार** - કાવ્યના વિભિન્ન અલંકરણો.

काव्य शोभाकरान् धर्मान्  अलङ्कारान् प्रचक्षते ।

કાવ્યના શોભાદાયક - શોભામાં અભિવૃદ્ધિ કરનાર તત્વો - **embelishments**.

- કાવ્યને સ્પર્શતા વિભિન્ન અંગોની શાસ્ત્રીય વિસ્તૃત ચર્ચા કરનાર ગ્રંથ-શાસ્ત્ર = **અલંકારશાસ્ત્ર.**
- રસ, રીતિ, ગુણ, અલંકાર, ધ્વનિ જેવા મહત્વના અલંકરણોમાં એક છે अलंकार.
- શબ્દ અને અર્થ ને સજાવવા માટેના ઉપમા, રૂપક જેવા અલંકારો.
- અલંકારો કાવ્યના કટક, કુંડળ, વગેરે આભૂષણ જેવા હોય છે.
- શરીર પર અલંકારો ગમે તેમ કે વધારે પ્રમાણમાં પહેરી ન શકાય.
- અલંકાર પણ યોગ્ય સ્થાને, યોગ્ય રીતે, સુંદર રીતે ઉપયુક્ત થવા જોઈએ

## અલંકારના પ્રકાર:

1. શાબ્દી , 2. આર્થી, 3.ઉભયાલંકાર

મુખ્ય બે પ્રકારો - 1) શાબ્દી 2) આર્થી

### શાબ્દી અલંકાર:

- શબ્દની શોભા વધારે, શબ્દ પર આધારિત હોય તે શાબ્દી અલંકાર.
- કાવ્યને કર્ણપ્રિય, શ્રવણ મધુર બનાવે છે.

### આર્થી અલંકાર:

- અર્થ વધુ મનોરમ બને, અર્થ પર આધારિત હોય તે આર્થી અલંકાર.
- અર્થયુક્ત સુંદર અભિવ્યક્તિમાં મદદરૂપ થાય છે.

## <u>અલંકારોનું વર્ગીકરણ:</u>

શાબ્દી, આર્થી અને ઉભય સિવાય, વિદ્વાનોએ વિવિધ સિદ્ધાંતોને આધારે તેના ભેદ પાડ્યા છે.

મમ્મટ ના અલંકારોને, ગજેન્દ્ર ગડકર મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ **3** ભાગમાં વેહેંચે છે.

1) **ઉપમામૂલક** – (સાદૃશ્યમૂલક) 2) વિરોધમૂલક – (વિરોધમૂલક) 3) તર્કન્યાયમૂલક

## <u>અલંકારના અંગો:</u>

**ઉપમાન :** standard of comparison - જેની સાથે પદાર્થની સરખામણી કરવાની છે તે પદાર્થ

**<u>ઉપમેય</u>** : જે પદાર્થની અન્ય પદાર્થ સાથે સરખામણી કરવાની છે તે પદાર્થ.

**અલંકારનું પ્રતિપાદન કરનાર શબ્દ (વાદિ )** - यथा, वा, वत् , समं, तुल्यं, न, व्याज, छल, कैतव, इव, मन्ये आदि

**સાધારણ ધર્મ** - ઉપમાન અને ઉપમેય વચ્ચે રહેલ જાતિગત, ગુણગત, ક્રિયાગત, દ્રવ્યગત સરખામણી કરવા માટેના સામાન્ય ધર્મ.

# અભ્યાસક્રમના નિયત અલંકારો

## निदर्शनाः

अभवन् वस्तुसंबन्ध उपमापरिकल्पकः (मम्मट - का. प्र. उ. 10.10 )

- બે વસ્તુઓ વચ્ચેનો અશક્ય સંબંધ જ્યારે ઉપમામાં પરિણમે ત્યારે નિદર્શના બને છે.
- અસંભવિત સંબંધવાળી બે વસ્તુઓની ઉપમારૂપે સંબંધની ઉપસ્થિતિ સ્વીકારવી

क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः |
तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ||

સૂર્યમાંથી જન્મેલ વંશનું વર્ણન કરવા માટે અલ્પમતિ, મોહવશાત હું, દુસ્તર સાગરને નાની નૌકા થી તરવા ઇચ્છુ છું.

- આ બંને વિધાન વચ્ચે પરસ્પર કોઈ સંબંધ નથી.
- ઉપમા દ્વારા સંબંધની કલ્પના કરતા, સૂર્યવંશનું અલ્પમતિ થી વર્ણન એ નાની નૌકા વડે સાગરને તરવા જેવું છે

- સૂર્યવંશ - ઉપમેય       સાગર - ઉપમા
- અલ્પમતિ - ઉપમેય    નાની નૌકા - ઉપમાન
- ન લખી શકાય (મુશ્કેલ), ન તરી શકાય (મુશ્કેલ) - સાધારણ ધર્મ - બે વાક્યમાંથી નિદર્શના બને છે.

## નિદર્શના પ્રકારો :

1. એકવાક્યગા (પદાર્થ નિદર્શના ),
2. માલા નિદર્શના,
3. અપરા નિદર્શના

# अप्रस्तुतप्रशंसा

अप्रस्तुतप्रशंसा या सा सैव प्रस्तुताश्रया ।

- પ્રસ્તુતને આશ્રયે જયારે અપ્રસ્તુત વર્ણવાય
- પ્રશંસા નો અર્થ  પ્રશંસા-સ્તુતિ, ઉલ્લેખ, વિધાન, આક્ષેપ, આદિ કરી શકાય.

याताः किं न मिलन्ति सुन्दरि पुनश्चिन्ता  त्वया मत्कृते नो कार्या नितरां कृशासि कथयत्येवं सबाष्पे मयि ।
लज्जामन्थरतारकेण  निपतत्पीताश्रुणा  चक्षुषा द्रष्ट्वा मां, हसितेन भाविमरणोत्साह् तया  सूचितः ॥

- ○ અહીં એક સ્થિતિને સમજવા બીજી સ્થિતિ જે વર્ણવાયેલ નથી તેની કલ્પના કરવી પડે.

- એક વ્યક્તિ પરદેશ જનાર હતો પણ ગયો નહિ. ન જવાનું કારણ અહીં શ્લોક માં છે.
- પત્નીએ પોતે પતિવિરહમાં મરી જશે એવું સૂચિત કર્યું. તેથી પોતે ન ગયો એમ કારણ કહેવાને બદલે સમગ્ર કાર્ય વર્ણવાયું છે.

- માટે प्रस्थान निवृत्तः - એ કાર્ય પ્રસ્તુત છે, અને વ્યંજનાત્મક રીતે કારણ કાવ્યમાં વર્ણવાયું તે અપ્રસ્તુત છે. માટે પ્રથમ પ્રકાર પ્રસ્તુત કાર્ય અને અપ્રસ્તુત કારણથી બનતો અપ્રસ્તુતપ્રશંસા છે.

**અપ્રસ્તુતપ્રશંસાના 5 પ્રકાર:**

1) प्रस्तुत कार्य - अप्रस्तुत कारण

2) प्रस्तुत कारण - अप्रस्तुत कार्य

3) प्रस्तुत सामान्य - अप्रस्तुत विशेष

4) प्रस्तुत विशेष - अप्रस्तुत सामान्य

5) तुल्य प्रस्तुत - तुल्य अप्रस्तुत

# अतिशयोक्तिः

**निगीर्याध्यवसानं तु प्रकृतस्य परेण यत् |**
**प्रस्तुतस्य यदन्यस्तं यधर्थोक्तौ च कल्पनम् || 10 - 10 ||**
**कार्यकारणयोर्यश्च पौर्वापर्यविपर्ययः |**
**विग्येयातिशयोक्तिः सा || का. प्र. 10 . 15 ||**

મમ્મટ  અતિશયોક્તિના પ્રત્યેક પ્રકાર દ્વારા જ અતિશયોક્તિ અલંકારની
વ્યાખ્યા આપે છે.

1) પર = ઉપમાન દ્વારા પ્રકૃત = ઉપમેયને ગળી જવાથી જે તાદાત્મ્ય સર્જાય તે પ્રથમ પ્રકાર.

2) પ્રસ્તુત = વર્ણ્ય વિષયની અનન્ય તરીકેની રજૂઆત - વર્ણન તે દ્વિતીય પ્રકાર.

3) યદિ, ચેત આદિ થકી અશક્ય વસ્તુની કલ્પના, માન્યતા વ્યક્ત થાય, તે તૃતીય પ્રકાર.

4) કાર્યકારણનો ક્રમ અન્યોન્ય રીતે બદલાય. કાર્ય, કારણ પહેલાં જ થઈ જાય, તે ચતુર્થ પ્રકાર.

## <u>પ્રથમ પ્રકારની અતિશયોક્તિ:</u>

कमलमनम्भसि कमले च कुवलये तानि कनकलतिकायाम् |
सा सुकुमारसुभगेत्युत्पत्तिपरम्परा केयम् ||

- पर = ઉપમાન     प्रकृत = ઉપમેય
- ઉપમાન ઉપમેયને ગળી જાય અર્થાત ઉપમાનનો ઉપમેય પર આરોપ થાય - ઉપમેયનો ઉલ્લેખ જ ન થાય. તેથી ઉપમાન સાથે ઉપમેયનું તાદાત્મ્ય સિદ્ધ થાય. ત્યારે પ્રથમ પ્રકાર થાય.
- कमल, कुवलय, कनकलतिका <u>ઉપમાન છે</u>, જે મુખ, નેત્ર અને તનુ (શરીર) ને ગળી જાય.

कमलं अनम्भसि થી જ મુખ આદિ સ્પષ્ટ થાય. આમ આરોપણ (ગળી જવું) થી - તાદાત્મ્ય સિદ્ધ થાય. માટે પ્રથમ પ્રકાર બનશે.

**બીજા પ્રકારની અતિશયોક્તિ** - વર્ણ્ય વિષયની અનન્ય તરીકે રજૂઆત

**ત્રીજા પ્રકારની અતિશયોક્તિ** - યદિ અને એના સમાન ચેત્ આદિ શબ્દ દ્વારા અસંભવી અર્થની કલ્પના - અશક્ય વસ્તુની કલ્પના

**ચોથા પ્રકારની અતિશયોક્તિ** - કાર્યકારણનો ક્રમ અન્યોન્ય બદલાય. સામાન્ય કાર્યકારણના નિયમનું પાલન થવાને બદલે કાર્ય પહેલા આવે પછી કારણ દર્શાવાય તે અતિશયોક્તિનો ચોથો પ્રકાર બનશે.

# प्रतिवस्तूपमा

प्रतिवस्तूपमा तु सा ||
सामान्यस्य द्विरेकस्य यत्र वाक्यद्वये स्थितिः | (10-16)

- એક જ સાધારણ ધર્મ ઉપમેય વાક્ય અને ઉપમાન વાક્યમાં પુનરુક્તિ દોષ ને કારણે જુદાં જુદાં શબ્દોમાં વ્યક્ત થાય ત્યારે વાક્યાર્થના વસ્તુના ઉપમાનત્વને લીધે પ્રતિવસ્તૂપમા બને છે.
- એક જ સાધારણ ધર્મ અલગ શબ્દોમાં બે વખત વ્યક્ત થાય.
- બે વાક્યો વચ્ચે વસ્તુ-પ્રતિવસ્તુ ભાવ હોય.

સાધર્મ્યમૂલક અલંકાર છે. તેના બે પ્રકાર.

1) સાદી પ્રતિવસ્તૂપમા

2) માલા પ્રતિવસ્તૂપમા

देवीभावं गमिता परिवारपदं कथं भजत्वेषा |

न खलु परिभोगयोग्यं  दैवतरुपांकितं रत्नम् ||

**દેવી-રાણી પદને પામેલી સ્ત્રી દાસી કેવી રીતે બની શકે?**

**દૈવી રત્ન સામાન્ય ઉપભોગને પાત્ર હોતું નથી.**

- પ્રથમ વાક્ય ઉપમેય વાક્ય . બીજું વાક્ય ઉપમાન વાક્ય
- બંનેમાં રહેલો સાધારણ ધર્મ - परिवारपदं भजं
- અને न परिभोगयोग्यम् એક જ અર્થ જુદા જુદા શબ્દોમાં વ્યક્ત થાય.
- બિંબ - પ્રતિબિંબ ભાવ.
- એક જ વાક્ય એક જ ઉપમેય -ઉપમાન માટે વપરાય, માટે સાદી પ્રતિવસ્તૂપમા.
- એક ઉપમેય અનેક ઉપમાન સાથે જોડાય.
- પ્રત્યેક વિધાન માં રહેલ સાધારણ ધર્મ ભિન્ન ભિન્ન શબ્દોથી લખાય ત્યારે માલા પ્રતિપવસ્તૂપમા બને છે.

# दृष्टान्तः

दृष्टान्तः पुनरेतेषां सर्वेषां प्रतिबिम्बनम् || (10.16)

- **એક જ વાક્યના સાધારણધર્મ અને અન્ય અંગો-ઉપમાન, ઉપમેયનું પ્રતિબિંબ બીજા વાક્યમાં મળી આવે  ત્યારે દ્રષ્ટાંત અલંકાર બને છે.**

- બિમ્બ-પ્રતિબિંબભાવ - સમાંતર ઉદાહરણ દ્વારા વર્ણ્ય વિષયની  સ્પષ્ટતા થાય.
- બે સમાંતર વાક્યો વચ્ચે નો સંબંધ સાધર્મ્ય તથા વૈધર્મ્ય પ્રકારનો હોઈ શકે. તેથી **સાધર્મ્ય** તથા **વૈધર્મ્ય** ને કારણે બે પ્રકાર થાય.

त्वयि दृष्ट एव तस्या निर्वाति  मनो मनोभवज्ज्वलितम्  |
आलोके हि हिमांशोर्विकसति कुसुमं कुमुद्वत्याः ||

## ચંદ્રને જોતા રાત્રે કુમુદ પુષ્પની જેમ નાયકને જોતા નાયિકાનું કામ સંતપ્ત મન શીતળતા અનુભવે છે.

- નાયક - त्वयि (તું) तस्या मनः निर्वाति (શાંત થાય)
- हिमांशो - ચંદ્ર ને જોતા રાત્રે કુમુદ પુષ્પ ખીલે તેની
- પ્રથમ ઉપમેય વાક્યના ઉપમેય, આદિનું પ્રતિબિંબ બીજા-ઉપમાન વાક્યમાં જોવા મળે.
- ખીલવું અને શાંત થવું શબ્દ ભેદે અર્થ સમાન થાય. માટે **સાધર્મ્યથી થતો દ્રષ્ટાંત** બને છે.
- સાધારણ ધર્મો માં વૈધર્મ્ય હોય ત્યારે વૈધર્મ્યથી બનતો દ્રષ્ટાંત અલંકાર થાય છે.

# दीपकः

**सकृद वृत्तिसु धर्मस्य प्रकृताप्रकृतातत्मनाम् |**
**सैव क्रियासु ब्रह्वीषु कारकस्येति दीपकम् || (10.17)**

- પ્રકૃત -પ્રાકરણિક- ઉપમેય અને
- અપ્રકૃત - અપ્રાકરણિક- ઉપમાન

દીપક ના બે પ્રકાર :

1) **ધર્મ દીપક** : પ્રકૃત અને અપ્રકૃત વિષયોના ધર્મનો ફક્ત એક જ વખત ઉલ્લેખ કરવાથી ધર્મદીપક બનશે

2) **કારક દીપક** : એક જ કારક ઘણી બધી ક્રિયાઓ સાથે જોડાય ત્યારે કારક દીપક બનશે.

- ગુણ, ક્રિયારૂપ ધર્મ જુદા જુદા વિષયો સાથે જોડાય.
- તે વિષયોમાં એક પ્રકૃત અને બીજો અપ્રકૃત હોય.

कृपणानां धनं नागानां फ़णमणि: केसराश्च सिंहानाम् |
कुलबालिकानां च स्तनाः कुतः  स्पृश्यन्ते अमृतानाम् ||

કંજૂસનું ધન, નાગના મસ્તકનો મણિ, સિંહની કેશવાળી, કન્યાના દેહને જીવતા હોય ત્યાં સુધી કોણ સ્પર્શી શકે.

- कुलबालिकानां  स्तनाः - પ્રકૃત વિષય
- બાકીના અપ્રકૃત વિષય.
- कुतः स्पृश्यन्ते ક્રિયાનો માત્ર એક જ વાર ઉલ્લેખ.
- આ ક્રિયા સર્વને લાગુ પડે છે.
- માટે દીપક નો પ્રથમ પ્રકાર ધર્મ દીપક થશે.

કારક દીપક - ઘણી બધી ક્રિયાઓ સાથે ક્રિયાનો  કારક જોડાયેલો હોય.

- તેનો એક જ વાર ઉલ્લેખ થાય. ત્યારે કારક દીપક થાય.

# <u>तुल्ययोगिताः</u>

नियतानां सकृद् धर्मः सा पुनस्तुल्ययोगिताः | (10.18)

**નિયત વિષયોથી ( પ્રાકરણિક - પ્રસ્તુત, અપ્રાકરણિક - અપ્રસ્તુત ) એકવાર ઉલ્લેખાતા  ધર્મથી <u>તુલ્યયોગિતા</u> બને છે.**

- પ્રકૃત, અપ્રકૃત પદાર્થોને કારણે જ બે પ્રકાર થાય.
- પ્રકૃતથી  થતો તુલ્યયોગિતા - ઔપમ્ય સાચું હોય.
- અપ્રકૃતથી  થતો તુલ્યયોગિતા - ઔપમ્ય દેખાવ માત્રે હોય.
- નિયત વિષયથી તુલ્યયોગિતા થાય.

**પ્રકૃત અને અપ્રકૃત વસ્તુથી <u>દીપક</u> બને.**

पाण्डु क्षामं वदनं हृदयं सरसं तवालसं च वपुः |
आवेदयति नितान्तं क्षेत्रियरोगं सखि हृदन्तः ||
पाण्डु क्षामं वदनं, सरसं हृदयं, अलसं वपुः

- આ ત્રણેય સ્થિતિથી એક જ રોગ સૂચિત થાય છે, क्षेत्रियरोग
- વિષયો બધા જ પ્રસ્તુત - પ્રાકરણિક, માટે, પ્રથમ પ્રકારની પ્રકૃત - પ્રાકરણિક તુલ્યયોગિતા
- જ્યાં અપ્રસ્તુત - અપ્રકૃત વિષયો હોય ત્યાં બીજો પ્રકાર અપ્રાકરણિક - અપ્રસ્તુત તુલ્યયોગિતા થાય છે.

# व्यतिरेकः

उपमानाद्यदन्यस्य व्यतिरेकः स एव सः | (10.19)

**ઉપમાન કરતાં અન્યની (ઉપમેયની) અધિકતા હોય તેને વ્યતિરેક કહેવાય છે.**

- પ્રસિદ્ધ ઉપમાન હંમેશા ઉપમેય કરતા ચઢિયાતું હોય.
- જ્યાં ઉપમેયને ઉપમાન કરતા ઉત્કૃષ્ટ બતાવાય ત્યારે વ્યતિરેક બને છે.
- ઔપમ્ય ભાવ હોય પણ ઉપમેયને વિશિષ્ટ દર્શાવાય.
- વ્યતિરેક ના **24** પ્રકાર થાય.

क्षीणः क्षीणः अपि  शशी भूयो भूयो विवर्धते नित्यम् |
विरम प्रसीद सुन्दरि यौवनं अनिवर्ति यातं तु ||

**યૌવન અસ્થિર છે, ફરી ફરી આવતું નથી.**
**ક્ષીણતાને પામેલો ચંદ્ર પુનઃ પુનઃ વૃદ્ધિ પામે છે.**

- यौवन - ઉપમેય  शशी- ઉપમાન
- અસ્થિરતાનો ગુણ એ શશી-ચંદ્ર  કરતાં યુવાનીમાં વધારે છે.
- ઉપમેયનો અસ્થિરતાનો ગુણ ચઢિયાતો - અધિક હોવાથી વ્યતિરેક બને છે.

# अर्थन्तरन्यासः

सामान्यं वा विशेषो  वा तदन्येन समर्थ्यते |
यत्र  सः अर्थान्तरन्यासः  साधर्म्येणेतरेण वा || (10-23)

જ્યાં સામાન્ય કે વિશેષનું સાધર્મ્ય દ્વારા કે અન્ય, અર્થાત વૈધર્મ્ય દ્વારા સમર્થન થાય ત્યારે અર્થાન્તરન્યાસ બને છે.

**અર્થાન્તરન્યાસના ચાર પ્રકાર છે.**

સાધર્મ્યને કારણે

- 1) સામાન્યનું વિશેષ થકી સમર્થન 2) વિશેષનું સામાન્ય થકી સમર્થન

વૈધર્મ્યને કારણે

- 1) સામાન્યનું વિશેષ થકી સમર્થન 2) વિશેષનું સામાન્ય થકી સમર્થન

निजदोषावृतमनसामतिसुन्दरमेव भाति विपरीतम् |
पश्यति पित्तोपहतः शशीशुभ्रं शङ्खमपि  पीतम् ||

- પ્રથમ પંક્તિ સામાન્ય કથન છે - પોતાના જ દોષથી વ્યાપ્ત મન હોય તેને સુંદર વસ્તુ પણ અસુંદર લાગે.
- બીજી પંક્તિ સમર્થન આપે છે - સમાનધર્મી વિશેષ ઉદાહરણ - કમળો થયો હોય તેને સફેદ શંખ પણ પીળો જ દેખાય.
- તેથી સાધર્મ્યમૂલ વિશેષ થકી સામાન્યનું સમર્થન કરતો અર્થાન્તરન્યાસ અલંકાર છે.

# व्याजस्तुतिः

व्याजस्तुतिर्मुखे निन्दा स्तुतिर्वा रुढिरन्यथा | (10.26)

મુખે-દેખીતી રીતે નિંદા કે સ્તુતિ હોય, તેનું પરિણામ વિપરીત હોય તેને વ્યાજસ્તુતિ કહે છે.

**વ્યાજસ્તુતિ ના બે પ્રકાર થાય.**

1) સ્તુતિ દ્વારા નિંદા થાય - સ્તુતિને બહાને નિંદા
2) નિંદા દ્વારા સ્તુતિ થાય - નિંદાના બહાને સ્તુતિ

हित्वा त्वामुपरोधवन्ध्यमनसां मन्ये न मौलिः परो
लज्जावर्जनमन्तरेण न रमामन्यत्र संदृश्यते |
यस्तयागं तनुषेतरां मुखशतैरित्याश्रितायाः श्रियः
प्राप्यत्यागकृतावमाननमपि त्वय्येव यस्याः स्थितिः ||

**રાજા જેવો કોઈ અવિવેકી નથી.**
**રમા (લક્ષ્મી) જેવી કોઈ લજ્જાહીન નથી.**
**રાજા શતમુખે લક્ષ્મીનો ત્યાગ કરે છે.**
**લક્ષ્મી રાજા પાસે જ જાય છે.**

- દેખીતી રીતે રાજાની નિંદા, લક્ષ્મીની પણ નિંદા થઇ છે.
- વાસ્તવમાં રાજા દાનવીર છે અને લક્ષ્મી પણ દાનવીર રાજાના ગુણથી જ પાછી તેને પ્રાપ્ત થાય છે.
- માટે અહીં નિંદાના બહાને સ્તુતિ કરતો વ્યાજસ્તુતિ અલંકાર છે

# व्याजोक्तिः

व्यजोक्तिः छद्मनोद्भिन्नवस्तुरुपनिगूहनम् || (10.32)

**વસ્તુના નિગૂઢ-સાચા સ્વરૂપને કોઈપણ રીતે ખુલ્લું પડી જતું હોય, તેને કોઈક બહાના હેઠળ સંતાડવું, તેને વ્યાજોક્તિ કહે છે.**

- અહીં પ્રકૃતનો નિષેધ કરી અપ્રકૃતને સિદ્ધ કરે તેવી અપહ્નુતિ નથી.
- વ્યાજોક્તિમાં ઔપમ્ય ભાવ નથી. કાર્ય - કારણ ભાવ છે.

शैलेन्द्रप्रतिपाद्यमानगिरिजाहस्तोपगूढोल्लस -
द्रोमाञ्चादि विसष्ठुलाखिल विधिव्यासंगभंगाकुलः |
हा शैत्यं तुहिनाचलस्य करयोरित्युचिवान सस्मितं
शैलन्तःपुरमातृमण्डलगणै दृष्टो अवतात् वः शिवः ||

- લગ્ન પ્રસંગે પાર્વતીના હાથનો સ્પર્શ થતાં રોમાંચ અનુભવતા શિવ પોતાના રોમાંચને છુપાવવા બહાનું કાઢે છે - ‘હિમાલય ના હાથ કેટલા ઠંડા છે.’
- માતૃગણોના હાસ્યથી શિવનો પ્રયત્ન વધુ ખુલ્લો થાય છે.
- રોમાંચ આદિ સાત્વિક ભાવો પાર્વતીના સ્પર્શને કારણે છે.
- તેને સંતાડવાનો પ્રયત્ન થાય, પણ તે વધારે સ્પષ્ટ થાય, માટે વ્યાજોક્તિ બને છે.

# *Thank You*